# પત્રક ભાગ-૨
# ચૌદમી ગુજરાત વિધાનસભા

## ગુરૂવાર, તારીખઃ ૧૪મી, ફેબ્રુઆરી, ૨૦૧૯

**૧૩૦. ડો. આશાબેન પટેલના અતારાંકિત પ્રશ્નો અતારાંકિત યાદીમાંથી રદ કરવા બાબત.**

૨૧-ઉંઝા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા સભ્ય ડો. આશાબેન ડી. પટેલ એ તા.૨/૨/૨૦૧૯ ના રોજ બપોર પહેલાથી વિધાનસભાના સભ્ય પદેથી રાજીનામું આપેલ છે તેથી તેઓએ રજૂ કરેલ નીચે જણાવેલા અતારાંકિત પ્રશ્નો અતારાંકિત યાદીમાંથી રદ કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | અતારાંકિંત પ્રશ્ન નંબર | યાદી ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૯૪૪ | બીજી યાદી | ૫ |
| ૨ | ૩૨૬૫ | બીજી યાદી | ૧૪ |
| ૩ | ૧૪૭ | બીજી યાદી | ૨૩ |
| ૪ | ૧૪૭૬ | ત્રીજી યાદી | ૬ |
| ૫ | ૧૬૫૭ | પાંચમી યાદી | ૪ |
| ૬ | ૨૮૧૭ | સાતમી યાદી | ૧ |
| ૭ | ૩૦૫૩ | સાતમી યાદી | ૯ |
| ૮ | ૨૨૨૬ | આઠમી યાદી | ૩ |
| ૯ | ૧૨૯૬ | નવમી યાદી | ૪૭ |
| ૧૦ | ૨૮૫૨ | અગિયારમી યાદી | ૧ |
| ૧૧ | ૧૬૬ | બારમી યાદી | ૨ |
| ૧૨ | ૨૮૧૮ | બારમી યાદી | ૫ |
| ૧૩ | ૧૪૭૫ | તેરમી યાદી | ૫ |
| ૧૪ | ૩૨૬૭ | ચૌદમી યાદી | ૪૯ |
| ૧૫ | ૨૨૨૪ | સોળમી યાદી | ૩૩ |
| ૧૬ | ૨૪૨૩ | સોળમી યાદી | ૩૬ |
| ૧૭ | ૧૬૫૫ | સત્તરમી યાદી | ૨૫ |
| ૧૮ | ૨૪૨૪ | અઢારમી યાદી | ૨ |
| ૧૯ | ૩૦૫૨ | અઢારમી યાદી | ૫ |
| ૨૦ | ૨૪૨૨ | અઢારમી યાદી | ૨૧ |
| ૨૧ | ૯૨૬ | ઓગણીસમી યાદી | ૯ |
| ૨૨ | ૧૪૭૭ | ઓગણીસમી યાદી | ૧૦ |
| ૨૩ | ૨૨૨૭ | ઓગણીસમી યાદી | ૪૫ |
| ૨૪ | ૩૬૩૮ | ત્રેવીસમી યાદી | ૩ |
| ૨૫ | ૩૦૫૪ | ચોવીસમી યાદી | ૪ |
| ૨૬ | ૩૬૩૭ | ચોવીસમી યાદી | ૧૬ |

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

**ત્રીજી અતારાંકિત યાદી**
**સભાગૃહના મેજ પર મૂક્યા**
**તારીખઃ– ૨૨/૦૨/૨૦૧૯**

# ચૌદમી ગુજરાત વિધાનસભા
## ત્રીજુ સત્ર, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

**રાજ્યમાં પાક વિમા પ્રીમિયમ ભરવા બાબત**

અતારાંકિતઃ ૫૧૯ (૧૩–૦૬–૨૦૧૮) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સને–૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષમાં જિલ્લાવાર કયા ક્યા પાકનું કેટલા ટકાના દરે કેટલું પાક વિમા પ્રીમીયમ ખેડૂતો દ્વારા ભરવામાં આવ્યુ, અને કેટલા ટકાના દરે રાજ્ય સરકાર દ્વારા કેટલુ પ્રીમીયમ ભરવામાં આવ્યુ,

(૨) ઉક્ત વર્ષમાં પાકવાર અને જિલ્લાવાર કેટલી રકમ ખેડૂતોને ચુકવવામાં આવી,

(૩) પાક વિમની ઘણી નગણ્ય અને ઘણી ઓછી રકમ ચૂકવવા અંગે જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૪) ઉક્ત બાબતે રાજ્ય સરકારે શી સઘન કાર્યવાહી હાથ ધરી છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૨–૧૧–૨૦૧૮)

(૧) *પત્રક–૧ સામેલ છે.

(૨) *પત્રક–૨ સામેલ છે.

(૩) પાક વિમાની ઘણી નગણ્ય અને ઘણી ઓછી રકમ ચુકવવા અંગે ૨૫ ફરિયાદો મળી જે જિલ્લાવાર નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **મળેલ ફરીયાદોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૩ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩ |
| ૩ | જામનગર | ૨ |
| ૪ | અમરેલી | ૪ |
| ૫ | મોરબી | ૧ |
| ૬ | સાબરકાંઠા | ૧ |
| ૭ | રાજકોટ | ૧ |
| | **કુલ** | **૨૫** |

(૪) મળેલ ફરિયાદો સંદર્ભે સંબંધિત વિમા કંપનીને યોજનાની ગાઈડલાઈન્સ મુજબ ફરિયાદનો નિકાલ કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા મોકલી આપેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં મગફળી અને કપાસના નક્કી કરેલ પ્રિમિયમના દર**

અતારાંકિતઃ ૧૫૧૯ (૧૮-૦૭-૨૦૧૮) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મગફળી અને કપાસના પાક વિમાના પ્રિમિયમના કેટલા દર નક્કી થયેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમ રાજ્ય સરકારે કઈ વિમા કંપનીને પ્રિમિયમ પેટે ચુકવી ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૨-૧૧-૨૦૧૮)

(૧) *પત્રક-૧ સામેલ છે.

(૨) *પત્રક-૨ સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી માટે કાર્યરત કેન્દ્રો**

અતારાંકિતઃ ૨૮૩૩ (૧૦-૧૦-૨૦૧૮) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કપાસ, મગફળી અને કઠોળના ટેકાના ભાવે ખરીદી માટેના કેન્દ્રો કઈ જગ્યાએ કાર્યરત હતા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્રવાર કપાસ, મગફળી અને કયા પ્રકારના કઠોળના કુલ કેટલી કિંમતના કેટલા જથ્થાની ખરીદી કરવામાં આવી,

(૩) ઉક્ત ટેકાના ભાવે ખરીદી અન્વયે જીલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચુકવવામાં આવી, અને જીલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ નહિ ચુકવવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૬-૧૨-૨૦૧૮)

(૧) તા.૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કપાસ, મગફળી અને કઠોળ ( અડદ, તુવેર અને ચણા) ની ટેકાના ભાવે ખરીદી માટેના કેન્દ્રોની વિગતો અનુક્રમે *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪ અને *પત્રક-૫ મુજબ છે.

(૨) તા.૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કપાસ, મગફળી અને કઠોળ ( અડદ, તુવેર અને ચણા) ની કેન્દ્રવાર ટેકાના ભાવે ખરીદીની વિગતો અનુક્રમે *પત્રક-૬, *પત્રક-૭, *પત્રક-૮, *પત્રક-૯ અને *પત્રક-૧૦ મુજબ છે.

(૩) તા.૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કપાસ, મગફળી અને કઠોળ ( અડદ, તુવેર અને ચણા) ની ટેકાના ભાવે ખરીદી અન્વયે જિલ્લાવાર ખેડૂતોને ચૂકવણાની વિગતો અનુક્રમે *પત્રક-૧૧, *પત્રક-૧૨, *પત્રક-૧૩, *પત્રક-૧૪ અને *પત્રક-૧૫ મુજબ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર બજાર સમિતિઓને નાણા ફાળવવા બાબત**

અતારાંકિતઃ ૩૦૪૪ (૧૬-૧૦-૨૦૧૮) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં આવેલ બજાર સમિતિને આધુનિક સવલતો પુરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર કેટલી બજાર સમિતિઓને કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત વર્ષવાર, જીલ્લાવાર કેટલી બજાર સમિતિઓને બિલકુલ નાણા ફાળવવામાં આવેલ નથી, અને તેના કારણો શા છે ?

**સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :** (૧૪-૧૨-૨૦૧૮)

(૧) હા જી.

(૨) *પત્રક-અ સામેલ રાખેલ છે.

(૩) *પત્રક-બ સામેલ રાખેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં નવા પશુ સારવાર કેન્દ્રો**

અતારાંકિતઃ ૩૨૯૬ (૨૫-૧૦-૨૦૧૮) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં નવા પશુ સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સમયગાળામાં રાજ્યમાં વર્ષવાર ક્યા સ્થળોએ નવા પશુ સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૫-૧૨-૨૦૧૮)

(૧) હા

(૨) વર્ષવાર *પત્રક-૧ થી ૫ સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યની કોલેજોમાં ખાલી જગ્યાઓ અંગે**

અતારાંકિતઃ ૪૦૭ (૧૩-૦૬-૨૦૧૮) **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૫-૧૨-૨૦૧૮)

(૧) *પત્રક-૧ અને ૨ મુજબ

(૨) સરકારી કોલેજો માટે *પત્રક-૩ મુજબ

ગ્રાન્ટેડ કોલેજો માટે કોઇ સ્થાયી મંજૂર મહેકમ હોતું નથી. કોલેજમાં જે તે વર્ષે વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે મંજૂર થતા ડીવીઝન સંખ્યા પ્રમાણે વિષયવાર કાર્યભાર નક્કી થાય છે જે સતત બદલાતી પરિસ્થિતિ છે. ગ્રાન્ટેડ કોલેજો માટે શૈક્ષણિક જગ્યાઓ *પત્રક-૪ મુજબ અને બિનશૈક્ષણિક જગ્યાઓ *પત્રક-૫ મુજબ.

ખાનગી કોલેજો માટે મહેકમ મંજૂર કરવા કે ભરતી બાબત જે તે સંસ્થા/ટ્રસ્ટના કાર્યક્ષેત્રાધિકારની બાબત છે.

(૩) વર્કલોડ ચકાસણીના અંતે જગ્યાઓની બાબત આખરી થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૬૬૧ (૧૮–૦૬–૨૦૧૮) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૫–૧૨–૨૦૧૮)

(૧) *પત્રક–૧ અને ૨ મુજબ

(૨) સરકારી કોલેજો માટે *પત્રક–૩ મુજબ

ગ્રાન્ટેડ કોલેજો માટે કોઇ સ્થાયી મંજૂર મહેકમ હોતું નથી. કોલેજમાં જે તે વર્ષે વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે મંજૂર થતા ડીવીઝન સંખ્યા પ્રમાણે વિષયવાર કાર્યભાર નક્કી થાય છે જે સતત બદલાતી પરિસ્થિતિ છે. ગ્રાન્ટેડ કોલેજો માટે શૈક્ષણિક જગ્યાઓ *પત્રક–૪ મુજબ અને બિનશૈક્ષણિક જગ્યાઓ *પત્રક–૫ મુજબ

(૩) યથા યોગ્ય સમયે

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજોમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૬૬૫ (૧૮–૦૬–૨૦૧૮) **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪–૧૨–૨૦૧૮)

(૧) *પત્રક–૧ અને ૨ મુજબ

(૨) સરકારી કોલેજો માટે *પત્રક–૩ મુજબ

ગ્રાન્ટેડ કોલેજો માટે કોઇ સ્થાયી મંજૂર મહેકમ હોતું નથી. કોલેજમાં જે તે વર્ષે વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે મંજૂર થતા ડીવીઝન સંખ્યા પ્રમાણે વિષયવાર કાર્યભાર નક્કી થાય છે જે સતત બદલાતી પરિસ્થિતિ છે. ગ્રાન્ટેડ કોલેજો માટે શૈક્ષણિક જગ્યાઓ *પત્રક–૪ મુજબ અને બિનશૈક્ષણિક જગ્યાઓ *પત્રક–૫ મુજબ

(૩) વર્કલોડ ચકાસણીના અંતે જગ્યાઓની બાબત આખરી થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં લાયકાત ન ધરાવતાં શિક્ષકો

અતારાંકિતઃ ૭૬૭ (૦૪–૦૭–૨૦૧૮) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નોન–ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં રાઈટ–ટુ–એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ ની જોગવાઈ મુજબ ઠરાવેલ લાયકાત ન ધરાવતા કેટલા શિક્ષકો ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કઈ કઈ શાળાઓમાં ક્યારથી ફરજો બજાવે છે,

(૨) તે શિક્ષકોને દૂર ન કરવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૧૧–૨૦૧૮)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નોન–ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં રાઈટ–ટુ–એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ ની જોગવાઈ મુજબ ઠરાવેલ લાયકાત ન ધરાવતા કુલ ૮૬૮૦ શિક્ષકો ફરજ બજાવે છે. જિલ્લાવાર શાળાઓની *યાદી આ સાથે સામેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૧૧/૦૮/૨૦૧૭ના પત્ર ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક મુજબ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં આવા બિનતાલીમી શિક્ષકોને નિયત કર્યા મુજબની તાલીમ મેળવવા સૂચના આપવામાં આવેલ છે.

(૩) તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં આવા બિનતાલીમી શિક્ષકોને નિયત કર્યા મુજબની તાલીમ મેળવવા સૂચના આપવામાં આવેલ ત્યારબાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પ્રાથમિક શાળામાં જર્જરિત અને પતરાંની છતવાળા ઓરડાઓ**

અતારાંકિતઃ ૭૭૦ (૦૪–૦૭–૨૦૧૮) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કઈ કઈ પ્રાથમિક શાળામાં જર્જરિત અને પતરાંની છતવાળા ઓરડાઓ કેટલા સમયથી છે, અને

(૨) ઉક્ત જર્જરિત, બિસ્માર અને પતરાના છતવાળી શાળાઓને સ્થાને શાળાના સારા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક સામેલ છે.

(૨) જર્જરીત અને બિસ્માર હાલતવાળા ઓરડાઓને ડિમોલેશન કરી આગામી વર્ષોમાં તબક્કાવાર નવા ઓરડાઓ, જેમ બને તેમ ઝડપથી બનાવવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૦૧૪ (૦૯–૦૭–૨૦૧૮) **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી કે ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવી છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જીલ્લાવાર કેટલી શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવી, અને

(૩) બંધ કરવાના કે ખાનગી સંસ્થાને સોંપવાનાં કારણો શા છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૧૧–૨૦૧૮)

(૧) હા, જી. પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે પરંતુ કોઈ શાળા ખાનગી સંસ્થાને સોંપવામાં આવી નથી.

(૨) *પત્રક મુજબ શાળાઓ બંધ કરવામાં આવી છે.

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા નિયત સંખ્યા કરતાં ઓછી થવાને કારણે શાળાઓ બંધ થવા પામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની શાળામાં મધ્યાહન ભોજન આપવા બાબત**

અતારાંકિતઃ ૧૪૭૬ (૧૭–૦૭–૨૦૧૮) **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની કઈ કઈ ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળામાં તા.–૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી.

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે ક્યારે શરૂ કરવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫–૦૯–૨૦૧૮)

(૧) મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની સામેલ *પત્રક મુજબની ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં તા.–૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી.

(૨) પ્રવર્તમાન જોગવાઈ મુજબ મધ્યાહન ભોજન યોજનામાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ થતો નથી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની શાળામાં મધ્યાહન ભોજન આપવા બાબત**

અતારાંકિતઃ ૧૪૮૦ (૧૭–૦૭–૨૦૧૮) **શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની કઈ કઈ ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળામાં તા.–૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી.

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે ક્યારે શરૂ કરવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫–૦૯–૨૦૧૮)

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની સામેલ *પત્રક મુજબની ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં તા.–૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી.

(૨) પ્રવર્તમાન જોગવાઈ મુજબ મધ્યાહન ભોજન યોજનામાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ થતો નથી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**પાટણ અને કચ્છ જિલ્લાની શાળામાં મધ્યાહન ભોજન આપવા બાબત**

અતારાંકિતઃ ૧૪૮૬ (૧૭–૦૭–૨૦૧૮) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) પાટણ અને કચ્છ જિલ્લાની કઈ કઈ ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળામાં તા.–૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી.

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે ક્યારે શરૂ કરવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫–૦૯–૨૦૧૮)

(૧) પાટણ અને કચ્છ જિલ્લાની સામેલ *પત્રક મુજબની ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં તા.–૩૦/૦૬/૨૦૧૮ ની સ્થિતિએ મધ્યાહ્ન ભોજન આપવામાં આવતું નથી.

(૨) પ્રવર્તમાન જોગવાઈ મુજબ મધ્યાહ્ન ભોજન યોજનામાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ થતો નથી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**નામ. હાઈકોર્ટના આદેશાનુસાર અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઈ.એક્ટ હેઠળ પ્રવેશ**

અતારાંકિતઃ ૧૬૫૦ (૦૧–૦૮–૨૦૧૮) **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ જિલ્લામાં જ્ઞાનશાળા પ્રોજેક્ટ હેઠળ અભ્યાસ કરતાં ૨૧૧ ગરીબ વિદ્યાર્થીઓને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પ્રવેશ આપવા ના.હાઈકોર્ટે જુલાઈ–૨૦૧૮ના પ્રથમ સપ્તાહમાં રાજ્ય સરકારને આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત ૨૧૧ બાળકોને કઈ કઈ સ્કૂલોમાં ના.હાઈકોર્ટના આદેશ મુજબ પ્રવેશ આપવામાં આવ્યો છે, અને

(૩) જો ના, તો નામ.હાઈકોર્ટના આદેશનું પાલન કરવા શી વ્યવસ્થા કરવામાં આવી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪–૧૦–૨૦૧૮)

(૧) હા જી,

(૨) *પત્રક મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી આર્ટસ–કોમર્સ કોલેજો**

અતારાંકિતઃ ૧૮૪૨ (૨૭–૦૭–૨૦૧૮) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (બોરસદ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૧૫/૦૭/૨૦૧૮ની સ્થિતિએ કેટલા તાલુકાઓમાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજો નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા તાલુકાઓમાં કોલેજો મંજૂર કરી શરૂ કરવામાં આવી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) સામેલ *પત્રક–૧ મુજબ

(૨) સામેલ *પત્રક–૨ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**વેટ/જી.એસ.ટી. પેટે થયેલ આવક**

અતારાંકિતઃ ૬૪૫ (૨૯–૦૬–૨૦૧૮) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને જિલ્લાવાર વેટ/જી.એસ.ટી. ની કેટલી આવક થઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર, સૌથી વધુ વેટની આવક કયા પાંચ ક્ષેત્રમાંથી મળેલ છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક–અ મુજબ

(૨) *પત્રક–બ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર રેશનિંગની દુકાનોની તપાસ**

અતારાંકિતઃ ૨૪૪૯ (૨૧–૦૮–૨૦૧૮) **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાતા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી રેશનિંગની દુકાનોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર તેમાંથી કેટલી દુકાનોમાં ગેરરીતિ પકડાઈ,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કુલ કેટલી કિંમતનો કેટલો ગેરકાયદેસર જથ્થો પકડાયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર રેશનિંગની દુકાનમાં એકવાર પણ તપાસ ન કરવામાં આવી હોય તેવી કેટલી દુકાનો છે અને તેના કારણો શાં છે?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૦–૧૧–૨૦૧૮)

(૧), (૨) અને (૩) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર *પત્રક–૧ મુજબ રેશિંગની દુકાનોની તપાસ કરવામાં આવી, દુકાનોમાં ગેરરીતિ પકડાઈ અને ગેરકાયદેસર જથ્થો પકડાયો.

(૪) છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર રેશનિંગની દુકાનમાં એકવાર પણ તપાસ ન કરવામાં આવી હોય તેવી દુકાનો અને તેના કારણો *પત્રક–૨ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલોમાં મંજુર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૨૫૮ (૧૧–૦૫–૨૦૧૮) **શ્રી લલિત વસોયા** (ધોરાજી): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૨૬–૧૨–૨૦૧૮)

(૧) અને (૨) સામેલ *પત્રક મુજબ

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં આવેલ વિવિધ સરકારી દવાખાનાનું સંવર્ગવાર મંજુર મહેકમ**

અતારાંકિતઃ ૪૭૯ (૩૦–૦૬–૨૦૧૮) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૦૫–૧૦–૨૦૧૮)

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, સંવર્ગવાર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર મહેકમ *પત્રક–૧ મુજબ, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ *પત્રક–૨ મુજબ, પેટા આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ*પત્રક–૩ મુજબ, જિલ્લા હોસ્પિટલ/સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલોમાં મંજુર મહેકમ *પત્રક–૪ મુજબ અને મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોનું મંજુર મહેકમ *પત્રક–૫માં દર્શાવ્યા મુજબ છે.

(૨) *પત્રક ૧, ૨, ૩, ૪ અને ૫ માં દર્શાવ્યા મુજબ

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ તથા કરાર આધારિત યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં આવેલ વિવિધ સરકારી દવાખાનાઓમાં મંજૂર થયેલ તબીબોનુ મહેકમ**

અતારાંકિતઃ ૪૮૦(૩૦–૦૬–૨૦૧૮) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહીક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં તબીબોનું મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવાનુ આયોજન છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૦૮–૧૦–૨૦૧૮)

(૧) ૧. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ નુ મંજુર મહેકમનું *પત્રક –૧ આ સાથે સામેલ છે.

૨. સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ નુ મંજુર મહેકમનું *પત્રક–૨ આ સાથે સામેલ છે.

૩. પેટા આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ મંજુર થયેલ નથી.

૪. હોસ્પિટલોમાં તબીબી અધિકારી વર્ગ–૨ નુ મંજુર મહેકમનું *પત્રક–૩ આ સાથે સામેલ છે.

(૨) ૧. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનુ જિલ્લાવાર ભરાયેલ જગ્યાની વિગતો *પત્રક–અ આ સાથે સામેલ છે.

૨. સામુહીક આરોગ્ય કેન્દ્રોનુ જિલ્લાવાર ભરાયેલ જગ્યાની વિગતો *પત્રક–બ આ સાથે સામેલ છે.

૩. હોસ્પિટલોનુ જીલ્લાવાર *પત્રક–ક આ સાથે સામેલ છે.

(૩) ૧. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી જગ્યાનું *પત્રક–૪ આ સાથે સામેલ છે.

૨. સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી જગ્યાનું *પત્રક–૫ આ સાથે સામેલ છે.

૩. હોસ્પિટલોમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી જગ્યાનું *પત્રક–૬ આ સાથે સામેલ છે.

ખાલી જગ્યા ભરવા રાજ્ય સરકારે નીચે મુજબનું આયોજન કરેલ છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામતા ઉમેદવારોને તા.૨૧–૦૬–૨૦૧૮ની અધિસુચનાથી નિમણૂકના હુકમો કરવામાં આવેલ છે.

ઉપરાંતમાં, દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરેલ છે. અને તેમાં ઉપસ્થિત એમ.બી.બી.એસ. ડોક્ટરોને પસંદગી પામતા કરારના ધોરણે નિમણૂક આપવામાં આવે છે. તથા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. ઉત્તિર્ણ થયેલ ડોક્ટરોને તેઓએ આપેલ બોન્ડ અન્વયે બોન્ડેડ નિમણૂક આપી ખાલી જગ્યાઓ ભરવામાં આવી રહેલ છે.

વધુમાં, સીધી ભરતીથી ભરવાની થતી ૧૩૫૦ જગ્યાઓ માટે જાહેર સેવા આયોગ મારફતે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તદઅનુસાર તબીબો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ટી.બી, રક્તપિત્ત, હિમોફિલીયા, કેન્સર, હાર્ટ, કીડની, સ્વાઈન ફ્લુ, ડેંગ્યુ, કમળો વગેરે રોગોના નોંધાયેલ દર્દીઓ**

અતારાંકિતઃ ૧૬૪૧ (૦૯–૦૭–૨૦૧૮) **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર ટી.બી, રક્તપિત્ત, હિમોફિલીયા, કેન્સર, હાર્ટ, કીડની, સ્વાઈન ફ્લુ, ડેંગ્યુ, કમળો, એઈડ્સ, સિકલસેલ એનેમિયા અને મેલેરીયા/ઝેરી મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) રોગચાળાના કેસો ઘટે તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધાં?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૨૬–૦૯–૨૦૧૮)

(૧) સામેલ *પત્રક-અ મુજબ.

(૨) સામેલ *પત્રક-બ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જાહેર આરોગ્ય સેવા હેઠળ વહિવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ નું મંજુર મહેકમ**

અતારાંકિતઃ ૨૯૪૯ (૨૦–૧૦–૨૦૧૮) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) આરોગ્ય વિભાગના તા.૨૫–૦૬–૨૦૦૮ના ઠરાવની જોગવાઈથી જાહેર આરોગ્ય સેવા હેઠળ વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ કક્ષાની કેટલી જગ્યાઓ તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ ઉભી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૪) ઉક્ત જગ્યાઓ લાંબા સમય સુધી ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (૦૩–૦૧–૨૦૧૯)

(૧) *પત્રક-અ મુજબ.

(૨) *પત્રક-બ મુજબ.

(૩) *પત્રક-બ મુજબ.

(૪) વહીવટી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ તેની ફીડર કેડર કચેરી અધિક્ષક વર્ગ–૩ ના કર્મચારીઓને બઢતી આપી ભરવાની થાય છે. હાલમાં કચેરી અધિક્ષક વર્ગ–૩ ની કુલ–૪૦ જગ્યાઓ જ મંજુર થયેલ હોઈ જે જગ્યા પર લાયકાત ધરાવતા કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી તબ્બકાવાર બઢતીથી ભરવાના કારણોસર ખાલી રહેવા પામેલ છે.

(૫) વહીવટી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ તેની ફીડર કેડર કચેરી અધિક્ષક વર્ગ–૩ ના કર્મચારીઓને બઢતી આપી ભરવાની થાય છે. હાલમાં લાયકાત ધરાવતા કચેરી અધિક્ષક વર્ગ–૩ ના કુલ–૪૦ કર્મચારીઓ ઉપલબ્ધ હોઈ તેઓને વહીવટી અધિકારી વર્ગ–૨માં બઢતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ગુનાહિત કૃત્ય**

અતારાંકિતઃ ૧૮૦ (૦૩–૦૫–૨૦૧૮) **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ખૂન, ખૂનનો પ્રયાસ, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, છેડતી, ધાડ, આત્મહત્યાના પ્રયાસ, આત્મવિલોપન અને આત્મવિલોપનના પ્રયાસના કેટલા ગુનાઓ નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા, કેટલા બાકી છે અને કેટલા ગુનાનો ભેદ ઉકેલાયો?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪–૧૨–૨૦૧૮)

(૧) *પત્રક ૧ થી ૫ મુજબ

(૨) ૧,૩૦,૪૬૦ ગુનેગારો પકડાયા, ૫૭૩૦ પકડવાના બાકી છે અને ૯૩,૬૪૫ ગુનાનો ભેદ ઉકેલાયો.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પકડાયેલ દારૂ/કેફી પદાર્થ**

અતારાંકિતઃ ૧૮૧ (૦૪–૦૫–૨૦૧૮) **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર કેટલો વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થો પકડાયા,

(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, દેશી દારૂ તથા કેફી પદાર્થોની વર્ષવાર, જિલ્લાવાર શું કિંમત થાય છે, અને

(૩) દારૂબંધીના કડક અમલ માટે સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલા લીધાં?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૫–૧૨–૨૦૧૮)

(૧) *પત્રક ૧ થી ૫ મુજબ

(૨) *પત્રક ૬ થી ૧૦ મુજબ

(૩)

- દારૂની હેરાફેરી/વેચાણની પ્રવૃત્તિ ઉપર લગામ રાખવા બાબતે કાયદામાં સુધારો કરી કડક સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ વાહનોને રાજ્યસાત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- દારૂની હેરાફેરી/વેચાણના ગુનાઓ અટકાવવા માટે હાઈવે પેટ્રોલીંગ નાકાબંધી નાઈટ રાઉન્ડ ફીક્સ પોઇન્ટ, કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવેલ છે. તથા સક્રિય ગુન્હેગારોને ચેક કરવામાં આવે છે. રાજ્યના અન્ય જીલ્લાઓ સાથે સંકલન રાખી આવી પ્રવૃત્તિ કરતાં ગુનેગારો ઉપર વોચ રાખી ગુનાઓ બનતા અટકાવવામાં આવે છે.
- દારૂની હેરાફેરી/વેચાણના ગુનાઓ અટકાવવા માટે અવાર નવાર પ્રોહી. ડ્રાઈવ રાખી વધુમાં વધુ કેસો શોધી કાઢવામાં આવે છે.
- સ્થાનીક પોલીસ એલ.સી.બી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ હેરાફેરીના કેસો શોધવામાં આવે છે.

- પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં જરૂર જણાય પાસા, તડીપાર તથા પ્રોહી.૯૩ મુજબના અટકાયતી પગલાઓ ભરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં પોલીસ મહેકમ**

અતારાંકિતઃ ૨૩૪ (૧૧–૦૫–૨૦૧૮) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી અને કેટલી જગ્યાઓ બે વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) તથા (૨) સામેલ *પત્રક–અ મુજબ

(૩) જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયાએ સતત ચાલતી પ્રક્રિયા છે. આથી ખાલી જગ્યાઓ પૈકી રેશિયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવતી હોય છે. આથી આ અંગેનો કોઈ નિશ્ચિત સમય નિયત કરી શકાય નહિ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં કસ્ટોડીયલ ડેથ**

અતારાંકિતઃ ૨૭૫ (૧૪–૦૫–૨૦૧૮) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર, જિલ્લાવાર કસ્ટોડીયલ ડેથના કેટલા કિસ્સા બન્યા, અને

(૨) ઉકત કિસ્સાઓમાં ઉકત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલા જવાબદારો સામે શા પગલાં લીધા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં દારૂ સંબંધે દરોડા**

અતારાંકિતઃ ૨૯૭ (૨૮–૦૫–૨૦૧૮) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂનો કેટલી રકમનો કેટલો જથ્થો વર્ષવાર, જિલ્લાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરી, અને

(૪) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તે જવાબદાર અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪-૧૨-૨૦૧૮)

(૧) *પત્રક-૧ થી ૫ મુજબ.

(૨) *પત્રક-૬ થી ૧૦ મુજબ.

(૩) *પત્રક-૧૧ મુજબ.

(૪) જવાબદાર અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય તપાસ, પ્રાથમિક તપાસ, ફરજ મોકુફી કરવા તથા આંતર જિલ્લા બદલી કરવાના પગલાં લીધેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પોલીસનું મહેકમ**

અતારાંકિતઃ ૩૦૨ (૨૮-૦૫-૨૦૧૮) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોલીસનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી કેટલી જગ્યાઓ છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) તથા (૨) સામેલ *પત્રક-અ મુજબ.

(૩) જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયાએ સતત ચાલતી પ્રક્રિયા છે. આથી ખાલી જગ્યાઓ પૈકી રેશિયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવતી હોય છે. આથી આ અંગેનો કોઈ નિશ્ચિત સમય નિયત કરી શકાય નહિં.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પકડાયેલ નશીલા પદાર્થનો જથ્થો**

અતારાંકિતઃ ૩૦૬ (૨૮-૦૫-૨૦૧૮) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર અફિણ, ગાંજો અને ચરસ નશીલા પદાર્થનો કેટલો જથ્થો પકડાયો,

(૨) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) નશીલા પદાર્થને રોકવા સરકારે શું પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪-૧૨-૨૦૧૮)

(૧) *પત્રક-૧ થી ૫ મુજબ.

(૨) *પત્રક-૬ મુજબ.

(૩) પોલીસ દ્વારા અવાર-નવાર રસ્તાઓ ઉપર આવતા-જતા વાહનો ચેક કરવામાં આવે છે તેમજ પેટ્રોલીંગ રાખવામાં આવે છે. આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ/પકડાયેલા ઈસમોને અવાર-નવાર ચેક કરવામાં આવે છે. તથા ખાનગી રાહે વોચ રાખવામાં આવે છે. જનજાગૃતિ માટે અંબાજી ખાતેના ભાદરવી પુનમના મેળામાં તથા ૨૬ જુન આંતરરાષ્ટ્રીય ડ્રગ દિવસના અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે સ્ટોલ રાખી જનજાગૃતિ અર્થે પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ગૃહ વિભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ**

અતારાંકિતઃ ૩૧૭ (૨૮–૦૫–૨૦૧૮) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ ગૃહ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ગૃહ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં મંજૂર થયેલ મહેકમ પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૨૦–૦૯–૨૦૧૮)

(૧) અને (૨) *પત્રક મુજબ.

(૩) ઉકત ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ નિયત કરેલ ભરતી બોર્ડને સમયાંતરે માંગણાપત્રક મોકલવામાં આવે છે. આ ઉપરાંત બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરવા માટે બઢતી કમિટિની રચના કરી, બઢતી આપી જગ્યાઓ ભરવામાં આવે છે. ભરતી–પસંદગી પ્રક્રિયાત્મક બાબત હોઈ ચોક્કસ દિવસ/સમયમાં ભરતી કરવાનું સ્પષ્ટ કરી શકાય નહીં.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પકડાયેલ દારૂ/કેફી પદાર્થો**

અતારાંકિતઃ ૧૦૮૦ (૦૫–૦૭–૨૦૧૮) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલો વિદેશી દારૂ, બિયર, દેશી દારૂ અને કેફી પદાર્થો પકડાયા, અને

(૨) ઉપરોકત પકડાયેલ વિદેશી દારૂ, બિયર, દેશી દારૂ તથા કેફી પદાર્થોની વર્ષવાર શું કિંમત થાય છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧ થી ૫ મુજબ.

(૨) *પત્રક–૬ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં સી.આર.પી.સી.–૧૭૪ હેઠળના ગુના**

અતારાંકિતઃ ૧૨૦૫ (૦૩–૦૭–૨૦૧૮) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સી.આર.પી.સી.ની કલમ–૧૭૪ અન્વયે કેટલા અકસ્માત મોત અંગે ગુના નોંધાયા,

(૨) ઉકત નોંધાયેલા ગુનાઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલા ગુનાઓ ઉકેલાયા, અને

(૩) ઉકત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૧–૧૧–૨૦૧૮)

(૧), (૨) અને (૩) *પત્રક–૧ થી ૫ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**કચ્છ જિલ્લામાં દારૂ/બિયર સંબંધે દરોડા**

અતારાંકિતઃ ૧૪૯૪ (૧૧–૦૭–૨૦૧૮) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ, બિયર અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂ, બિયરનો કેટલી રકમનો કેટલો જથ્થો ઉકત વર્ષવાર, તાલુકાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે તાલુકાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેમની સામે શાં પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૪) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ ઉકત સમયગાળામાં એકથી વધુ વખત દેશી, વિદેશી દારૂ, બિયરનો જથ્થો પકડાયો હોય તે જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧

(૨) *પત્રક–૨

(૩) *પત્રક–૩

(૪) જવાબદાર અધિકારીઓને ઠપકો અને રોકડ દંડની શિક્ષાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**સાબરકાંઠા જિલ્લામાં દારૂ/બિયર સંબંધે દરોડા**

અતારાંકિતઃ ૧૫૧૧ (૧૨–૦૭–૨૦૧૮) **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ, બિયર અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂ, બિયરનો કેટલી રકમનો કેટલો જથ્થો ઉકત વર્ષવાર, તાલુકાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે તાલુકાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેમની સામે શાં પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૪) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ ઉકત સમયગાળામાં એકથી વધુ વખત દેશી, વિદેશી દારૂ, બિયરનો જથ્થો પકડાયો હોય તે જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧ મુજબ

(૨) *પત્રક–૨ મુજબ

(૩) *પત્રક–૩ મુજબ

(૪) કોઈ અધિકારીની નિષ્કાળજી જણાયેલ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં પાક સંરક્ષણ માટે મજરલોડ અને સ્વરક્ષણ માટે હથિયાર પરવાના**

અતારાંકિતઃ ૧૬૦૩ (૧૨–૦૭–૨૦૧૮) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પાક સંરક્ષણ માટે મજરલોડ અને સ્વરક્ષણ માટે હથિયાર પરવાના કેટલા નાગરિકો ધરાવે છે, અને,

(૨) તે પૈકી પાક સંરક્ષણ અને સ્વરક્ષણ માટે કેટલા હથિયાર પરવાનાઓ જિલ્લાવાર, ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આપવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક–૧

(૨) *પત્રક–૨

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં દારૂ / બિયર સંબંધે દરોડા**

અતારાંકિતઃ ૧૬૧૧ (૧૨–૦૭–૨૦૧૮) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ, બિયર અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂ, બિયરનો કેટલી રકમનો કેટલો જથ્થો ઉક્ત વર્ષવાર, તાલુકાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે તાલુકાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેમની સામે શાં પગલાઓ લેવામાં આવ્યા, અને

(૪) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ ઉક્ત સમયગાળામાં એકથી વધુ વખત દેશી, વિદેશી દારૂ, બિયરનો જથ્થો પકડાયો હોય તે જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(૪) જવાબદાર અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકાની શિક્ષા અને ખાતાકીય તપાસ/ પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ છે તેમજ ફરજ મોકૂફી હેઠળ મુકવા સહિતની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા જિલ્લામાં દારૂ /બિયર સંબંધે દરોડા**

અતારાંકિતઃ ૧૬૨૩ (૧૨–૦૭–૨૦૧૮) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ, બિયર અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂ, બિયરનો કેટલી રકમનો કેટલો જથ્થો ઉક્ત વર્ષવાર, તાલુકાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે તાલુકાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેમની સામે શાં પગલાઓ લેવામાં આવ્યા, અને

(૪) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ ઉક્ત સમયગાળામાં એકથી વધુ વખત દેશી, વિદેશી દારૂ, બિયરનો જથ્થો પકડાયો હોય તે જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(૪) જવાબદાર અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ખાતાકીય / પ્રાથમિક તપાસ, ફરજ મોકૂફી તથા આંતર જિલ્લા બદલી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં જિલ્લામાં ગાય/ગૌવંશની કતલનાં આરોપી**

અતારાંકિતઃ ૧૭૦૯ (૨૭-૦૭-૨૦૧૮) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લામાં ગાય અને ગૌવંશની ગેરકાયદેસર કતલ કરવા સંબંધે વર્ષવાર, જીલ્લાવાર કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા આરોપીઓ સામે પાસા લાગુ પાડવામાં આવ્યા, અને

(૩) બાકી આરોપીઓને પાસા લાગુ ન કરવાના કારણો શા છે, બાકીનાને ક્યાં સુધીમાં પાસા લાગુ કરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૩૦-૧૦-૨૦૧૮)

(૧) *પત્રક 'અ' મુજબ.

(૨) *પત્રક 'બ', 'ક', 'ડ', 'ઈ', 'ઉ' મુજબ.

(૩) કાયદાકીય જોગવાઈઓ સાથે સુસંગત ન હોવાથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં પકડાયેલ ચરસ/ગાંજાનો જથ્થો**

અતારાંકિતઃ ૧૯૦૨ (૨૭-૦૭-૨૦૧૮) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર અને કુલ કેટલી રકમનો કેટલો ચરસ અને ગાંજાનો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે વર્ષવાર, જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૪-૧૨-૨૦૧૮)

(૧) *પત્રક ૧ થી ૫ મુજબ.

(૨) *પત્રક ૬ મુજબ.

(૩) *પત્રક ૭ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં ગેરકાયદેસર હુક્કાબાર**

અતારાંકિતઃ ૧૯૦૮ (૦૧-૦૮-૨૦૧૮) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર-જીલ્લાવાર ગેરકાયદેસર કેટલા હુક્કાબાર પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પકડવામાં આવેલ હુક્કાબારના કેટલા સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત પકડવામાં આવેલ હુક્કાબાર કેટલા સમયથી ચાલુ હોવાનું સામે આવ્યું, અને

(૪) ગેરકાયદેસર હુક્કાબાર શોધી બંધ કરવા માટે કોને જવાબદારી સોંપવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૧–૧૧–૨૦૧૮)

(૧) *પત્રક ૧ થી ૫ મુજબ.

(૨) કુલ ૧૩૯ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) કાનૂની કાર્યવાહી કર્યાના થોડા સમય પહેલાથી.

(૪) ગેરકાયદેસર હુક્કાબાર શોધી કાઢવાની જવાબદારી તમામ જિલ્લા/શહેર પોલીસ તંત્રને સોંપવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં બંદૂક/હથિયાર વેચાણના પરવાના ધરાવતા ડીલરો**

અતારાંકિતઃ ૧૯૫૮ (૩૦–૦૭–૨૦૧૮) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બંદૂક(રીવોલ્વર) અને હથિયારના વેચાણ પરવાના ધરાવતાં ડીલરો કેટલા છે, અને

(૨) આ ડીલરો દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કયા પ્રકારના કેટલા હથિયારો કયા જિલ્લામાં વેચાણ કર્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૩૦–૧૦–૨૦૧૮)

(૧) ૪૯ ડીલરો છે.

(૨) *સામેલ પત્રકો મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**બનાસકાંઠા જિલ્લામાં એફ.આઈ.આર./જાણવાજોગ ફરીયાદ**

અતારાંકિતઃ ૨૦૪૨ (૦૪–૦૮–૨૦૧૮) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શા પગલાઓ લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) આવો કોઈ બનાવ બનેલ ન હોય પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજકોટ શહેર અને જિલ્લામાં એફ.આઈ.આર./જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૧૩૫ (૦૪–૦૮–૨૦૧૮) **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજકોટ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શા પગલાઓ લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):** (૨૪–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) આવો કોઈ બનાવ બનેલ ન હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરત શહેર અને જિલ્લામાં એફ.આઈ.આર./જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૧૬૩ (૦૪–૦૮–૨૦૧૮) **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર સુરત શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શા પગલાઓ લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૨૭–૦૯–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) ફરજ મોકૂફી હેઠળ ઉતારેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા શહેર અને જિલ્લામાં એફ.આઈ.આર./જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૧૮૯ (૦૪–૦૮–૨૦૧૮) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર વડોદરા શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શા પગલાઓ લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) જવાબદાર અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો જેવી શિક્ષા અને ખાતાકીય તપાસ હાથ ધરેલ છે અને ફરજ મોકૂફ કરેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**કચ્છ જિલ્લામાં એફ.આઈ.આર./જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૨૪૪ (૨૧–૦૮–૨૦૧૮) **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કચ્છ જીલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શાં પગલાઓ લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) આવો બનાવ બનેલ ન હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ શહેર/જીલ્લામાં એફ.આઈ.આર/જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૨૯૩ (૨૧–૦૮–૨૦૧૮) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જીલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શાં પગલાઓ લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક–૧ થી ૫ મુજબ

(૨) આવો કોઈ બનાવ બનેલ ન હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં એફ.આઈ.આર/જાણવાજોગ ફરીયાદ બાબત**

અતારાંકિતઃ ૨૨૯૫ (૨૧–૦૮–૨૦૧૮) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલા કોગ્નીઝેબલ ગુનાઓમાં જાણવાજોગ ફરીયાદ નોંધવામાં આવી, અને

(૨) એફ.આઈ.આર. નોંધવાના બદલે માત્ર જાણવાજોગ ફરીયાદ નોંધનાર અને એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર સામે શાં પગલાઓ લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૩–૧૦–૨૦૧૮)

(૧) *પત્રક મુજબ

(૨) આવો કોઈ બનાવ બનેલ ન હોય, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં દારૂ વેચાણનાં કેસ**

અતારાંકિતઃ ૨૪૬૫ (૨૦–૦૮–૨૦૧૮) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે જીલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૪) રાજ્યમાં દારૂબંધીના કાયમી અમલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૦૧-૧૧-૨૦૧૮)

(૧) *પત્રક ૧ થી ૫ મુજબ

(૨) *પત્રક ૬ મુજબ

(૩)

| છ માસથી વધુ | એક વર્ષથી વધુ |
|---|---|
| ૧૧૧૨ | ૨૨૬૧ |

(૪)

- નશાબંધી અધિનિયમમાં સુધારો કરી કડક સજાની જોગવાઈ કરવામાં આવેલ છે અને તે અંતર્ગત આવી પ્રવૃતિમાં સંડોવાયેલ વાહનોને રાજ્યસાત કરવામાં આવેલ છે.
- પ્રોહિબીશનની હેરાફેરીના ગુનાઓ અટકાવવા માટે હાઈવે પેટ્રોલીંગ, નાકાબંધી, નાઈટ રાઉન્ડ ફીક્સ પોઈન્ટ, કોમ્બીંગ નાઈટનું આયોજન કરી સક્રિય ગુનેગારોને ચેક કરવા તેમજ અન્ય જીલ્લાઓ સાથે સંકલન રાખી પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં ગુનેગારો ઉપર વોચ રાખી ગુનાઓ બનતા અટકે તે માટેના પગલાં લેવામાં આવેલ છે.
- પ્રોહિબીશનની હેરાફેરી અટકાવવા સારૂ જીલ્લા પોલીસ વડા તેમજ વડી કચેરી તરફથી અવાર નવાર આપવામાં આવતી સુચનાઓ મુજબ પ્રોહી. ડ્રાઈવ રાખી વધુમાં વધુ કેસો શોધી કાઢવા તમામ સ્થાનીક પોલીસ તથા કાર્યરત સેલને સુચનાઓ આપવામાં આવેલ છે.
- સ્થાનીક પોલીસ એલ.સી.બી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ હેરાફેરીના કેસો શોધવામાં આવેલ છે.
- પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં જરૂર જણાય પાસા, તડીપાર તથા પ્રોહી.૯૩ મુજબના અટકાયતી પગલાઓ ભરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ | ૫૧૯, ૧૫૧૯, ૨૮૩૩, ૩૦૪૪, ૩૨૯૬ | ૦૫ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૪૦૭, ૬૬૧, ૬૬૫, ૭૬૭, ૭૭૦, ૧૦૧૪, ૧૪૭૬, ૧૪૮૦, ૧૪૮૬, ૧૬૫૦, ૧૮૪૨ | ૧૧ |
| ૩ | નાણા વિભાગ | ૬૪૫ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૪૪૯ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫૮, ૪૭૯, ૪૮૦, ૧૬૪૧, ૨૯૪૯ | ૦૫ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૮૦, ૧૮૧, ૨૩૪, ૨૭૫, ૨૯૭, ૩૦૨, ૩૦૬, ૩૧૭, ૧૦૮૦, ૧૨૦૫, ૧૪૯૪, ૧૫૧૧, ૧૬૦૩, ૧૬૧૧, ૧૬૨૩, ૧૭૦૯, ૧૯૦૨, ૧૯૦૮, ૧૯૫૮, ૨૦૪૨, ૨૧૩૫, ૨૧૬૩, ૨૧૮૯, ૨૨૪૪, ૨૨૯૩, ૨૨૯૫, ૨૪૬૫ | ૨૭ |
| | | **કુલ** | **૫૦** |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.